ક્રિ.કેસ. નં. 46133-2022

આંક–૦૧ નું સાંધણ...

**<u>–:: આંક–૦૧ ચાર્જશીટ લગત હુકમ:–</u>**

આજ રોજ અત્રેની કોર્ટને નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અન્વયે તથા તાજેતરના નામ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના નોટીફીકેશન મુજબ સ્પેશિયલ સીટીંગ એલોટ થયેલ છે ત્યારે, સદર કેસના પેપર્સ વંચાણે લીધા, તેમજ નામદાર હાઈકોર્ટના પત્ર નં.(૧) D/2917/2006, Dt.27-04-2006 તથા (૨) D/2917/2006, Dt.10-06-2006 વંચાણે લીધા, તેમજ નામ.સુપ્રિમ કોર્ટે રેણુકા વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા, ૨૦૦૯ ક્રિમી.લો જનરલ ૨૨૪૫ માં ઠરાવેલ છે કે, આરોપી સામેનો કેસ સમન્સ ટ્રાયેબલ હોય અને આરોપી લાંબા સમયથી ગેરહાજર હોય અને આરોપીએ પોતાનું સરનામું બદલી કાઢેલ હોય અને આરોપી બાબતે કોઈ માહિતી મળતી ના હોય તો ક્રિમી.પ્રો. કોડની કલમ–૨૫૮ અન્વયે આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી સ્ટોપ કરી શકાય. વધુમાં, નામ.સુપ્રિમ કોર્ટે પી.રામેશ્વરરાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટકાના પેરા–૩૦(૫) માં ઠરાવ્યા મુજબ પણ ક્રિમી.પ્રોસી. કોડની કલમ–૨૫૮ મુજબ સ્ટોપ પ્રોસીડીંગ્સ કરી શકાય. વધુમાં, નામ.ગુજરાત હાઈકોર્ટનું આ અંગેનું નીચે મુજબના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત જોવામાં આવે તો, સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ, ૧૯૯૭ (૩) જી.એલ.આર. ૧૯૪૬ તથા વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓનો અભ્યાસ કરતાં પણ તેમાંથી એવું તારણ નિકળેલ છે કે,

Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situations, where the presence of any accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to disposed of the matter by adopting normal procedure contemplated by te Code for one reason or other as here in above stated, in such a situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Section 258 of the Code can be restored to where the special or unusual circumstances exist, such as non-appearance of the accused before the Court for considerable time of of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed withe the case in normal way.

આમ, સદર કેસ પેપર્સ તથા પ્રોસીડીંગ્સ જોતાં આરોપી ઘણા લાંબા સમયથી સમન્સ/વોરંટના પ્રોસીડીંગ્સ ચાલે છે. આરોપીનું વિરૂધ્ધનું સમન્સ/વોરંટ કોઈપણ રીતે બજતું

નથી કે સમન્સ/વોરંટમાં બતાવેલા સરનામે રહેતા ન હોવાના શેરા સાથે પરત આવેલ છે, જે જોતાં જણાય છે કે પોલીસ ડીપાર્ટમેન્ટને આરોપી વિરૂધ્ધની પ્રોસેસની બજવણી કરવા માટે અત્રેની અદાલતે વારંવાર તક આપેલ છે પરંતુ પોલીસ ડીપાર્ટમેન્ટ આરોપી વિરૂધ્ધની પ્રોસેસની બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ નથી. આથી, ઉપરોકત તમામ સંજોગોમાં પોલીસ ડીપાર્ટમેન્ટને આરોપી વિરૂધ્ધના પ્રોસેસની બજવણી કરવા માટે પુરતો સમય મળેલ હોવા છતાં આરોપીને સમન્સ/વોરંટ બજાવી શકેલ નથી. આથી પોલીસ ડીપાર્ટમેન્ટને વધુ સમય આપવો ન્યાયોચીત જણાતું નથી. આથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આથી હાલના આરોપી વિરૂધ્ધનાં કેસની પ્રોસીડીંગ્સ ક્રિમી.પ્રો.કોડની કલમ–૨૫૮ મુજબ સ્ટોપ કરી, આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, સદર કામના આરોપી મળી આવ્યેથી તેના વિરૂધ્ધ ફરીથી ઈન્સાફી કાર્યવાહી કરવાની ફરીયાદપક્ષને સ્વતંત્રતા રહેશે.

હુકમ આજરોજ તા.૧૧ મી, માહે–ફેબ્રુઆરી સને–૨૦૨૩ ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૧/૦૨/૨૦૨૩.

(પારસકુમાર વિનોદરાય ભટ્ટ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૨, અમદાવાદ.
**UID - GJ0 0948**